પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૦૧ | ૨૧ જુન, ૨૦૧૯, શુક્રવાર; જયેષ્ઠ વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# જાતિ-ધર્મથી મુક્ત થઈ સરકાર કામ કરશે : રાષ્ટ્રપતિ

**સંસદના બંને ગૃહોને સંબોધનમાં સરકારની ભાવિ યોજના રજૂ : ત્રિપલ તલાક અને હલાલા જેવી કુપ્રથાનો અંત લાવવા માટે સહકાર આપવા માટે વિરોધ પક્ષને અપીલ : ગરીબો, ખેડુતો અને બધા વંચિત લોકોની સરકાર : આતંકવાદ પર દુનિયા ભારતની સાથે, મસૂદને આંતરરાષ્ટ્રીય આતંકી જાહેર કર્યો તે તેનો પુરાવો**



નવી દિલ્હી, તા. ૨૦

રાષ્ટ્રપતિ રામનાથ કોવિન્દે આજે સંસદના બંને ગૃહોને સંયુક્ત રીતે સંબોધન કર્યુ હતુ. જેમાં રાષ્ટ્રપતિએ મોદી સરકારની ભાવિ યોજનાનો ઉલ્લેખ કર્યો હતો. કોવિન્દે કહ્યુ હતુ કે મોદી સરકાર જાતિ અને ધર્મથી મુક્ત થઈને કામ કરશે. આ સરકાર ગરીબો, ખેડુતો અને જવાનોને સમર્પિત રહેશે. રાષ્ટ્રપતિએ કહ્યુ હતુ કે સ્વતંત્રતાના ૭૫ વર્ષ પૂર્ણ થવા સુધી દેશ નવી નવી સિદ્ધીઓને હાંસલ કરશે. પોતાના સંબોધનમાં રાષ્ટ્રપતિએ ત્રિપલ તલાક અને હલાલા જેવી કુપ્રથાનો અંત લાવવા માટે વિરોધ પક્ષોને સહકાર આપવાની અપીલ કરી હતી. તેમણે કહ્યુ હતુ કે દેશના લોકોને લાંબા સમય સુધી મુળભુત સુવિધા માટે ઈન્તજાર કરવાની ફરજ પડી છે. પરંતુ હવે સ્થિતી બદલાઈ રહી છે. લોકોની સુવિધા તરફ પૂર્ણ ધ્યાન આપવામાં આવી રહ્યુ છે. સરકાર કોઈના દબાણ સમક્ષ ક્યારેય કામ કરશે નહીં.રાષ્ટ્રપતિએ કહ્યુ હતુ કે સરકાર કેટલીક પ્રાથમિકતા પર કામ કરી રહીછે. જેમાં ખેડુતો અને દુકાનદારો પર ધ્યાન આપવા મક્કમ છે. સાથે સાથે દરેક ઘર સુધી પાણી પહોંચાડવા માટેની બાબતને આ વખતે સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા માટે તૈયાર છે. આના માટે જુદી જુદી યોજના તૈયાર કરવામાં આવી રહી છે. સરકારની સામે રહેલા પડકારોને મજબુત ઈચ્છાશક્તિ સાથે હાથ ધરવામાં આવનાર છે. ખેતીમાં ૨૫ લાખ કરોડનુ જંગી રોકાણ કરવાની પણ તેમણે જાહેરાત કરી હતી. જે દર્શાવે છે કે સરકાર કૃષિને લઈને ગંભીર છે. સરકાર દબાણ, પ્રભાવ અને અભાવની સ્થિતિથી જનતાને મુક્ત કરવા માટે ઈચ્છુક છે.

● અનુસંધાન પાન-૭ પર

## રાષ્ટ્રપતિના પ્રવચન દરમિયાન રાહુલ મોબાઈલમાં વ્યસ્ત

**રાષ્ટ્રપતિના ૧ કલાકના પ્રવચન દરમિયાન રાહુલ ૨૪ મિનિટ વ્યસ્ત : ભાજપના સાંસદો દ્વારા રાહુલની ફરીવાર ટિકા : રાહુલના વર્તનને સાંસદોએ ફરીવખત દુર્ભાગ્યપૂર્ણ ગણાવ્યું**



નવી દિલ્હી, તા. ૨૦

સંસદમાં રાષ્ટ્રપતિના અભિભાષણ દરમિયાન મોબાઈલ નિહાળવાનો ફોટો વાયરલ થયા બાદ કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી ફરી એકવાર ભાજપના ટાર્ગેટ ઉપર આવી ગયા છે. કેન્દ્રીયમંત્રી ગીરીરાજસિંહ અને બાબુલ સુપ્રિયો સહિત ભાજપના અનેક સાંસદોએ રાહુલ ગાંધી ઉપર પ્રહાર કરતા અને દુર્ભાગ્યપુર્ણ ગણાવ્યું છે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા આજે સંસદના બંને ગૃહોની સંયુક્ત બેઠકને સંબોધન કર્યું હતું. સંસદ ભવનના સંકુલમાં ગિરીરાજસિંહે કહ્યું હતું કે, રાષ્ટ્રપતિ જ્યારે આગામી પાંચ વર્ષ માટે દેશના વિકાસ માટે રોડમેપ રજૂ કરી રહ્યા હતા ત્યારે કેટલાક સાંસદ જે પોતાને ગંભીર નેતા તરીકે ગણે છે તે ગંભીર નથી તેમ દેખાઈ રહ્યું હતું. આનાથી મોટુ દુર્ભાગ્ય હોઈ શકે નહીં. ગિરીરાજે કહ્યું હતું કે, કોણ કેટલા ગંભીર છે તે દેશના લોકો જોઈ રહ્યા છે. ભાજપના સાંસદ બાબુલ સુપ્રિયોએ કહ્યું હતું કે, કોંગ્રેસ પ્રમુખના વલણથી સાબિત થઈ ગયું છે કે, તેમની ઈચ્છાશક્તિ ભાષણમાં દેખાઈ રહી ન હતી. રાહુલ ગાંધી હજુ પણ દેશહિતના વિષય ઉપર ગંભીર દેખાઈ રહ્યા નથી.

# હિમાચલમાં બસ ખીણમાં ખાબકી

કુલ્લુ, તા.૨૦

હિમાચલ પ્રદેશમાં કુલ્લુ જિલ્લામાં યાત્રીઓથી ભરેલી ભરચક બસ ઉંડી ખીણમાં ખાબકી જતાં મોટી સંખ્યામાં લોકોના મોત થયા છે. આ દુર્ઘટનામાં ઓછામાં ઓછા ૨૫ લોકોના મોત થઈ ગયા છે અને ૩૫થી વધુ લોકો ગંભીરરીતે ઘાયલ થયા છે જેથી મોતનો આંકડો હજુ પણ વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. આજે કુલ્લુ જિલ્લામાં ઉંડી ખીણમાં આ બસ ખાબકી ગઈ હતી. ૨૫ લોકોના મૃતદેહ મળી આવ્યા છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. બનાવ અંગે માહિતી મળ્યા બાદ વહીવટીતંત્રમાં પણ ખળભળાટ મચી ગયો હતો. તરત જ ઘટના સ્થળે સંબંધિત વિભાગોના કાફલા પહોંચી ગયા હતા. કુલ્લુના એસપી શાલિની અગ્નિહોત્રીએ માહિતી આપતા કહ્યું છે કે, ૨૫ મૃતદેહ

**૨૫થી વધારે મોત : ઘાયલ થયેલા તમામ યાત્રીઓની હાલત ગંભીર હોવાથી મૃતાંક વધશે : હિમાચલ પ્રદેશના કુલ્લુ જિલ્લામાં ભયાનક અકસ્માત : મૃત્યુ પામેલાઓમાં મહિલાઓ અને બાળકો સામેલ : કાબુ ગુમાવતા બસ ઉંડી ખીણમાં ખાબકી**

● અનુસંધાન પાન-૭ પર



## ન્યુઝ ટ્રેક

### ભારતીય ક્રિકેટર વિજય શંકર ઈજાગ્રસ્ત

શિખર ધવન અને ભુવનેશ્વરકુમાર પછી ક્રિકેટર વિજય શંકરનુ નામ પણ ભારતના ઈજાગ્રસ્ત ખેલાડીઓની સૂચિમાં ઉમેરાઈ ગયુ છે. અફઘાનિસ્તાન સામેની મેચ માટે સાઉથ હેમ્પટન ખાતે નેટ પ્રેકટિસ દરમ્યાન જસપ્રિત બુમરાહનો બોલ પગના પંજા પર વાગતા તે ઈજાગ્રસ્ત બન્યો હતો.

### પં. બંગાળમાં ફરી હિંસા

પશ્ચિમ બંગાળના ભાટપારામાં બે અજ્ઞાત ઉપદ્રવીઓના સમૂહ વચ્ચે હિંસક ઝડપ થઈ હતી. જેમાં દેશી બોંબ ફેંકાયા હતા તથા ગોળીઓ ચલાવાઈ હતી. આ ઝઘડામાં એક વ્યક્તિનું મૃત્યુ નીપજ્યુ છે જ્યારે ત્રણ વ્યક્તિઓ ઘાયલ થયા છે.

### દિલ્હીથી વારાણસી સુધી પણ બુલેટ ટ્રેન દોડશે

હવે દિલ્હીથી વારાણસી સુધી પણ બુલેટ ટ્રેન દોડશે. આ માટેના રૂટનો એક સર્વે રિપોર્ટ અમેરિકન કંપનીએ તૈયાર કરીને સરકારને સોંપી દીધો છે. આગામી મહિને રજૂ થનારા બજેટમાં આ પ્રોજેક્ટ માટે પૈસા ફાળવવાની જાહેરાત સરકાર કરી શકે છે.

### ચેન્નાઈમાં ૧૫ દિવસથી ૫૦૦૦૦ રેસ્ટરોન્ટો બંધ

ચેન્નાઈ આજે એક-એક ટીપા પાણી માટે તરસી રહ્યુ છે. ચેન્નાઈમાં જાણીતી રેસ્ટોરન્ટોએ કામના કલાકો ઘટાડી દીધા છે. રેસ્ટોરન્ટોમાં બેસીને જમવાની જગ્યાએ ઘરે પાર્સલ લઈ જનારાઓને મોટુ ડિસ્કાઉન્ટ આપવામાં આવી રહ્યુ છે. પાણીની તંગીના કારણે મદ્રાસમાં લગભગ ૫૦૦૦૦ હોટલો અને રેસ્ટોરન્ટો પંદર દિવસથી બંધ છે.


**ગાંધીનગર માટે**

આપનું LED TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી

**ફક્ત ફોન કરો**

**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**

ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર

મો. : ૯૭૧૪૧૯૮૩૬૬


# ટીડીપીના ૪ સાંસદો ભાજપમાં

**ચાર રાજ્યસભા સાંસદ જોડાતા ભાજપ વધુ મજબૂત : ભાજપના કારોબારી અધ્યક્ષ નડ્ડાએ ત્રણેય રાજ્યસભા સાંસદોને સત્તાવાર પાર્ટીમાં સામેલ કર્યા : નાયડુને ફટકો**

નવી દિલ્હી, તા. ૨૦

તાજેતરમાં ચૂંટણીમાં કારમી



હાર થયા બાદ ચંદ્રબાબુ નાયડુની તેલુગુદેશમ પાર્ટીને આજે મોટો ફટકો પડ્યો હતો. ટીડીપીના કુલ છ રાજ્યસભા સાંસદો પૈકી ચાર સાંસદ ભાજપમાં સામેલ થઈ ગયા હતા. આ પહેલા તેઓએ ટીડીપીને ભાજપના મર્જ કરી દેવા માટે પ્રસ્તાવ રજૂ કર્યો હતો જેના પર ભાજપે મંજુરીની મહોર મારી હતી. સાંજે ભાજપના કારોબારી અધ્યક્ષ જેપી નડ્ડાએ ત્રણ રાજ્યસભા સાંસદોને પાર્ટીમાં સત્તાવારરીતે સામેલ કરી લીધા હતા જ્યારે એક રાજ્યસભા સાંસદ તબિયત ખરાબ હોવાના કારણે પ્રેસ કોન્ફરન્સમાં ઉપસ્થિત રહી શક્યા ન હતા. ભાજપમાં સામેલ થનાર રાજ્યસભા સાંસદમાં ટીજી વ્યંકટેક્ષ, સીએમ રમેશ, વાયએસ ચૌધરી અને જીએમ રાવનો સમાવેશ થાય છે. પત્રકાર પરિષદ દરમિયાન ભાજપના કારોબારી પ્રમુખ જેપી નડ્ડાએ કહ્યું હતું કે, લાંબા સમયથી આ સાંસદોના મનમાં ચર્ચા ચાલી રહી હતી કે, મોદીના નેતૃત્વમાં જે રીતે દેશ આગળ જઈ રહ્યો છે તે જ રીતે આંધ્રપ્રદેશના વિકાસ માટે તેમને ભાજપમાં સામેલ થઈ જવાની જરૂર છે. ગુરુવારના દિવસે આ સાંસદોએ ભાજપ અધ્યક્ષ અમિત શાહને પત્ર લખીને કહ્યું હતું કે, તેઓ ભાજપમાં સામેલ

● અનુસંધાન પાન-૭ પર

# રાહુલ રાજીનામા માટે મક્કમ

**રાહુલ નહીં માને તો ગેહલોત પાર્ટી પ્રમુખ બનશે : તેમના અનુગામી અંગે નિર્ણય પાર્ટી કરશે : રાહુલની સ્પષ્ટ વાત : રાહુલના રાજીનામા મુદ્દે અટકળોનો દોર હજુ જારી**

નવી દિલ્હી, તા. ૨૦

રાજસ્થાનના મુખ્યમંત્રી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા અશોક ગેહલોતની પાર્ટી પ્રમુખ તરીકે નિમણૂંક કરવામાં આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. રાહુલ ગાંધી કોંગ્રેસ પ્રમુખ પદ પર રહેવા માટે ઈચ્છુક નથી. રાહુલ ગાંધી હજુ પણ રાજીનામાને લઈને મક્કમ બનેલા છે જેથી અશોક ગેહલોતને પાર્ટી પ્રમુખ તરીકેની જવાબદારી સોંપવામાં આવી શકે છે. સામાન્ય ચૂંટણીમાં પાર્ટીના કંગાળ દેખાવ બાદ રાહુલ ગાંધીએ પાર્ટી પ્રમુખ પદેથી રાજીનામુ આપી દેવાની

● અનુસંધાન પાન-૭ પર








**ડો. દેવી બી. ગજ્જર**

એમ. એસ. (ઈ.એન.ટી.)

(કાન-નાક-ગળાના સર્જન)

સમય : સવારે ૧૦ થી ૧ ● સાંજે ૫ થી ૮

Mobile : 94095 83530

**Hi Tech HOSPITAL**

Multi Speciality Hospital

Plot No. 1180, Nr. 1-1/2 Bus Stand, GH-Road, Sector No. 3/D, Gandhinagar

Phone : 079-23240555 • Email : hitech.hospital2008@gmail.com

**ઉપલબ્ધ સુવિધાઓ**

**કાન :**

- અદ્યતન માઈક્રોસ્કોપ દ્વારા કાનના પડદાનું તથા હાડકીના સડાનું ઓપરેશન
- કાનની બહેરાશની તપાસ તથા સારવાર
- નવજાત શીશુ તથા બાળકો માટે બહેરાશની તપાસ તથા સારવાર

**નાક :**

- દૂરબીન દ્વારા નાકના મસાનું નિદાન તથા સારવાર, અદ્યતન દૂરબીન દ્વારા ઓપરેશનની સુવિધા ઉપલબ્ધ
- દૂરબીન દ્વારા નાસૂરનાં ઓપરેશનની સુવિધા ઉપલબ્ધ
- અદ્યતન દૂરબીન દ્વારા નાકના વાંકા પડદાનું નિદાન તથા ઓપરેશનની સારવાર ઉપલબ્ધ
- નાકના પાછળના મસા માટે અદ્યતન દૂરબીન અને મશીન દ્વારા ઓપરેશનની સારવાર ઉપલબ્ધ

**ગળું :**

- કાકડના ચેપનું નિદાન તથા ઓપરેશનની સુવિધા
- ગળાની ગાંઠો (કંઠમાળ)નું નિદાન તથા સારવાર
- થાઈરોઈડના રોગો / ગાંઠનું નિદાન તથા સારવાર
- લાળગ્રંથીના રોગોનું નિદાન તથા સારવાર

**કેન્સર :**

- મોઢાના ચાંદા, મોઢાના કેન્સરના નિદાન તથા સારવારની સુવિધા ઉપલબ્ધ
- એન્ડોસ્કોપી દ્વારા સ્વરપેટીનાં કેન્સરની તપાસ, નિદાન અને સારવાર ઉપલબ્ધ
- એન્ડોસ્કોપી દ્વારા અન્નનળી તથા શ્વાસનળીની તપાસ

**અન્ય સુવિધાઓ :**

- લાંબા સમયથી બદલાયેલો અવાજ તથા સ્વરપેટીના અન્ય રોગોના નિદાન અને સારવારની સુવિધા ઉપલબ્ધ
- એક્સીડન્ટ તથા પડવા-વાગવાથી થતી મોઢા પરની ઈજાઓની સારવાર જેમ કે, નાકની હાડકીનું ફ્રેક્ચર, જડબાનું ફ્રેક્ચર, કાનની ઈજાઓ વગેરેની અદ્યતન સર્જરીની સુવિધા
- કાનની બૂટને સાંધવાનું ઓપરેશન
- ટાંકા વગર કાનની બૂટ સાંધવાની સગવડ
- કાન અને નાકને વિંધવાની અદ્યતન પદ્ધતિ ઉપલબ્ધ